Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# 'સ્ત્રી બોધ' : સામયિકના પ્રથમ અંકમાં છપાયેલ 'માહારા દોશતદારની બાએડી' ની કથાનું મૂલ્યાંકન

'સ્ત્રીબોધ' ગુજરાતી ભાષાનું પહેલું સ્ત્રી-સામયિક છે, જે મુંબઈથી ઈ.સ. 1857માં પ્રગટ થયું હતુ. ભારતની મહિલાઓને જ્ઞાની કરવા માટેનું પ્રારંભિક સામયિક હતું. 'સ્ત્રીબોધ' માટે દિપક મહેતા નોંધે છે કે..., "સમાજ સુધારાની પ્રવૃત્તિ શરૂઆતમાં મુખ્યત્વે પુરુષો પૂરતી જ મર્યાદિત રહી હતી. પણ પારસી સમાજ સુધારકોના ધ્યાનમાં એ વાત ઝટ આવી ગઈ કે આ પ્રવૃત્તિમાં સ્ત્રીઓએ ભાગીદાર નહિ બનાવીએ તો સુધારો ઊંડા મૂળ નાખી નહિ શકે. એટલે તેમણે ખાસ સ્ત્રીઓને ધ્યાનમાં રાખીને પુસ્તકો લખ્યા અને આ સ્ત્રીબોધ જેવું માસિક શરૂ કર્યું. આ માસિક શરૂ કરવા માટે પહેલાં તો એક મંડળી સ્થાપી. તેના સભ્યો હતા ડોસાભાઈ ફરામજી કામાજી, ખુરશેદજી નસરવાનજી કામાજી, સોરાબજી શાપુરજી બંગાળઈ અને બહેરામજી ખરશેદજી ગાંધી. પહેલા સેક્રેટરી જાંગીરજી બરજોરજી વારછા અને પછી જજ નાનાભાઈ હરિદાસ." આ ઈ.સ 1857ના પહેલાં અંકના દિબાચામાં લખ્યું છે કે...., "એ ચાંપાનીઊ વાંચનારીઓને લાએકનું તથા દીલપશંદ કરવા સારૂં તેમાં ગનાનનો વધારો કરનારી તથા નીરદોશ રમૂજ આપનારી બાબદો શાદી એબારતમાં અને કહેવતોમાં લખવામાં આવશે અને તે બીનાં વધારે શારી પઠે શમજ પડવા સારૂં તેમની સાથે કેટલાએક અછા ચીતારો દર વેલા એ ચોપાંનીઆમાં દાખલ કરવામાં આવશે. એ ચોપાનીઉં શદા સુતરાં દીબાંથી ઊનચાં કાગજ પર છાપી પરગટ કરવાનો ઠેરાવ રાખેઓ છે અને તે શોભઈનું તથા સદગુણોનું વધારનારૂં કરવાને ઊપલી શભાની તરપૂથી મેહનતની કશી કશુર કરવામાં આવશે નહીં." તદ્ઉપરાંત આ પ્રથમ અંકનું રસદર્શન કરવતાં દિપક મહેતા નોંધે છે કે...., "સૌથી પહેલાં બે પાનાનો દિબાચો પછી પાંચ પાનાંનો લેખ (સરળતા ખાતર બધે જોડણી બદલી છે.). મા દીકરાની અરસપરસની ફરજો. પહેલાં જ અંકથી એક લેખમાળા શરૂ થઈ હતી : લાયકીવાળી ઓરત. જેમાં, જાણીતી સ્ત્રીઓનો પરિચય અપાતો. પહેલાં અંકના લેખમાં રાણી વિક્ટોરિયાનો પરિચય લગભગ ત્રણ પાનામાં આપ્યા છે. ઉપરાંત એક પાનાનું તેમનું રેખાંકન પણ મૂક્યું છે. પછી એક કથા છાપી છે, મારા દોસ્તારની બાયડી. પછીનો લેખ છે મહોમાહેના ફિસાદથી થતી ખરાબી : પંચાબનું રાજ તેમની સાથે મહારાજ દુલિપસિંહનું એક પાનાંનું રેખાંકન છાપ્યું છે. પછીનો લેખે છે રેતીના રણ, અને તેની સાથે પણ એક પાનાંનું રેખાંકન છાપ્યું છે. પછી પરચૂરણ બીનાઓ એવા મથાળા નીચે ઉપદેશાત્મક ફકરાઓ છાપ્યાં છે. કોઈ લેખ સાથે તેના લેખકનું નામ છાપ્યું નથી પણ એ જમાનામાં ઘણાખરાં સામયિકો તેમ કરતાં. છેલ્લે કવિ દલપતરામે સ્ત્રીબોધ માટે ખાસ લખેલાં ગરબા/ગરબી છાપ્યાં છે. તેમાંની પહેલી કૃતિમાં મુબંઈ શહેર અને તેના વિકાસમાં પારસીઓએ આપેલ ફાળાની પ્રશંશા કરી છે અને પારસીઓ માટે કહ્યું છે : "એ તો હેમ જડેલા હીરા છે." અહીં પ્રથમ અંકમાં છપાયેલ "માહારા દોશતદારની બાએડી" (મારા દોસ્તારની બાયડી-પત્નિ)ની કથાનો આસ્વાદ કરવાનો મારો હેતું છે.

વિષયવસ્તુના આરંભે કથા નાયક જણાવે છે કે......, "કોઈ કુટુંબ ઉપર જેઆરે કાંઈ આફત આવી પડેચ તે વખતે મરદ કરતાં વધારે હીંમતથી ઓરત કે દુખ ખમી શકેચ તેહેના મેં ઘણાએક દાખલા જોએલા છે." (પૃ. 9). જેમાં મરદ માણસ નાશીપાસ થયા હોય ત્યારે સ્ત્રીમાં ઘણી વખત ચતુરાઈ અને હિંમત જોવા મળતી હોય છે. જેથી તે તેમની જીવનસાથીને મદદરૂપ બનતી હોય છે. એવી જીવનસાથીને મદદરૂપ બનતી હોય છે. એવી એક સ્ત્રીની વાત કથાનાયક 'દાખલારૂપી' રજૂ કરે છે. રતન શાહ મુંબઈ શહેરમાં રહેતા કથાનાયકના મિત્ર. આ મિત્રના પિતા સુરતથી મુંબઈ રહેવા આવેલા અને વેપાર કરવામાં સફળતા મેળવી. દાશ-બાર વર્ષ વેપારમાં ધન-દોલત મેળવીને અંતે રતન શાહના પિતાશ્રી મૃત્યુ પામ્યા. એ વખતે રતન શાહની ઉંમર 30 વર્ષની હતી. તેઓ તેમના પિતાનું એકનું એક સંતાન એટલે પિતાની દોલતમાં વારસદાર

બન્યા રતનશાહ લાડકોડમાં ઉછરેલાં તો પણ તેમનામાં શાનપણ અને ચતુરાઈ શારી પેઠે હતી અને તેનો અભ્યાસ પણ સારો રહ્યો હતો. તેથી લોકોની ધારણા મુજબ તે તેના પિતાનો વેપાર સારી રીતે કરી શક્યો. અંતે તેમના માતા પણ ગૂજરી ગયેલા ત્યારબાદ તેમણે વેપારમાં સારી પેઠ જાળવી હતી. પરંતુ થોડા વર્ષો બાદ તે ધંધામાં નફો-નુકસાન જોયા વગર નસીબ પર છોડવા લાગ્યાં, જેમાં તેની દોલત વધી નહીં. કેટલીક વખત વ્યાજના નુકસાન અને દુઃખદ ઊંધના કારણે રાણીથઈ ધઈમો ખાર પડતો ગયો. તો વળી અડધી મીલકત બાગ-બગીચા અને હવેલીએ મોટાઈ રાખવામાં રોકી રાખેલી. ત્રણ ચાર વર્ષ પછી દેશાવર ખાતેથઈ હુંડીમાં માલ ત્રણ લાખનો મંગાવ્યો જેમાં એ માલ તેમને ન મળ્યો અને ત્રણ લાખ ભરવાનું તેમના માથે આવ્યું. ત્રણ લાખ ભરવાની જેમ-જેમ મુદ્દત નજીક આવતી ગઈ તેમ-તેમ તેનું શરીર ચિંતામાં શુકાતું ગયું. ત્યારે આ સંકટમાં તેની પત્નીએ કેવી મદદ કરી એ કથાનાયક સુચવે છે. રતન શાહની પત્નીનું નામ જરબાઈ હતું. બન્ને પતિ-પત્ની વચ્ચે ગાઢ પ્રેમ હતો. તેમને દિકરો થતાં જરબાઈ ખુબ જ ખુશ હતા પરંતુ રતનશાહના સુકાતા દેહથી તે નીરાશ હતી. એક દિવસ રતન શાહનો ચાકર કથાનાયક જોડે એવીને કહેવા લાગ્યો કે... જરબાઈ તમને બોલાવે છે. કથાનાયક વિચારમાં પડી ગયેલા કે એમને શું કામ પડ્યું હશે તેથી તેઓ જમીને જરબાઈનાં ઘરે ગયા. જરબાઈએ કથાનાયકને તેના પતિ રતનશાહના દિલગીરી ચહેરા પરની ઉદાસીની વાત કરી. જેમાં જરબાઈએ જણાવ્યું કે..... “મેં ઘણયી આજેજીથી પુછીઉં પણ મહને એક જવાબ મલીઓ નહી, તેથી તમોને આટલી તજદ્દી આપીચ કે એવણની ઉપર કાઈબી જફા પડીચ તે બાબે તમો એવણના દોશતરદાર છેઓ તે પૂછો તો તમારી મહેરબાંનગી થશે.” (પૃ. 10). કથાનાયકે આ સાંભળી સાંજે રતનશાહને મળવાનું ફરવા ગયા ત્યારે નીરાંતની જગ્યા ઉપર ગાડી ઊભી રાખીને રમતનશાહની ઉદાશીને જાણવાં કથાનાયકે તેમને પૂછ્યું ત્યારે આંખમાં ઝળઝળીયા સાથે રતનશાહે હુંડીના ત્રણ લાખની વાત કથાનાયકને જણાવી. ત્યારબાદ એ વાતમાં વધુ ચર્ચા કરવા માટે બીજે દિવસે રતનશાહના ઘરે મુલાકાતનું ગોઠવ્યુ. બીજા દિવસે કથાનાયક રતનશાહના ઘરે ગયા એમના કહેવા મુજબ રતનશાહે તેમની પત્નીને બધી વાત કરી હતી. જેમાં જરબાઈએ રતનશાહને દિલાસો આપ્યો હતો. કથાનાયકે આવકાર્ય સૂચનો (ભલામણો) કરી. જેમાં જરબાઈ પણ સહમત થયા. કથાનાયકની ભલામણ મુજબ રતનશાહે વેપાર બંધ કર્યો અને પુંજી (રકમ)નો એક સારો ભાગ તેમાંથી બચાવ્યો. પછી રતનશાહે તેમનું મોટું ઘર, બગીચો વેંચી નાંખ્યા. નોકરોને પણ રજા આપી. જે શેઠ ચારથી પાંચ ઘોડા વાપરતાં, મોટા બંગલામાં રહેતા તેની જગ્યાએ નાનકડું ઘર અને એક જ ઘોડો અને ગાડી ઉપર અને એક જૂના ચાકરને સાથે રાખ્યો. આ ઉપરાંત કથાનાયકના કહેવા મુજબ તેની પત્ની જરબાઈએ કેટલો સહયોગ આપ્યો એ પણ જણાવે છે... જે દિવસે નવા નાનકડા ઘરમાં રહેવા ગયા તે દિવસે વાપરવા જોગ સમાન બંગલેથી લઈ ગયા જેનું ગોઠવવાનું કામ જરબાઈએ ખુશીથી જાતે કર્યું અને સાંજે કથાનાયકને પણ જમવા બોલાવ્યા. સાંજે રતનશાહે રસ્તામાં તેની પત્ની વિશે કથાનાયકને જણાવ્યું કે.... તેણીએ કોઈ દિવસ દુઃખ જોવું નથી અને ઊંબરો પણ ઓળંગ્યો નથી. ઘરના કે ખેતરનાં કામમાં પડી નથી. તેથી તેનું શું થશે તેની ચિંતા રતનશાહને હતી. તે પસ્તાવવા લાગ્યો કે બંગલો છોડીને નાનકડાં ઝુંપડા (ઘરમાં) રહેશે કે નહીં ? પરંતુ એ ચિંતા ઘેર જતાં ખોડી પડી. કથાના અંત તરફ જતાં કથાનાયક અને રતનશાહ સાંજે નાનકડા ઘરે પહોંચ્યો. ઘેર જતાં સાંભળવા મળ્યું કે જરબાઈ તેમના દિકરાને રમાડતાં રમાડતાં ગીત ગાતી હતી. તે સાંભળીને રતનશાહનો ચહેરો ખીલી ઊઠ્યો. કથાનાયક અને રતનશાહ ઘરમાં ગયાં ત્યારે જરબાઈ મળી. તેના ચહેરા ઉપર કશું જ ચિંતા જેવું દેખાયું નહી અને જમવાનું પીરસ્યું. બન્ને જમ્યા પછી રતનશાહ કહેવા લાગ્યા કે...., “હેવું ખુશી ભરેલું અને નીરાંતથી કોઈ દાહાડે તેણે પોતાની મોહોટી હવેલીમાં ખાનું ખાદ્યું તું નહીં.” (પૃ. 12). રતનશાહની હાલત એમની એમ પડી રહી નથી, ઉદ્યોગ, અનુભવથી અને પત્નીના શહકારથી તે ફરી ધનવાન બન્યો પરંતુ તે આજ સુધી કહેતો આવ્યો છે કે..., “ધામધુમના મેહેલ કરતાં નીરાંતે રેહેવાની જુફડી ભીલી છે.”

પાત્રાલેખન તરફ નજર કરતાં અહીં પ્રથમ પુરુષ એકવચનમાં કથા આલેખાયેલી છે. જેમાં કથાનાયકના મિત્ર રતનશાહ અને તેની પત્ની જરબાઈનું આલેખન થયું છે. રતનશાહ કથાનાયકનો મિત્ર છે જેના પિતાના અવસાન બાદ એ મીલકતનો વારસદાર બન્યો. પરંતુ ધંધામાં નફા-નુકશાનને કિસ્મત પર છોડતાં તેના પર સંકટ આવી પડ્યું તો વળી વિદેશથી ડુંડુમાં ત્રણ લાખનો માલ મંગાવતા એ માલ ન મળતાં ત્રણ લાખ ભરવાના એના માથે આવ્યું અને તેના વિચારમાં તેનો દેહ પણ સુકાવા લાગ્યો. અંતે તેના

મિત્ર કથાનાયક અને પત્નીના સહકારથી ફરી ધનવાન બને છે. રતનશાહની પત્ની જરબાઈ. રતનશાહ અને જરબાઈ વચ્ચે ગાઢ પ્રેમ હોય છે. જરબાઈ તેના પતીનો ગમગીન ચહેરો વાંચી જાય છે અને તેમના મિત્ર કથાનાયકની મદદ લે છે જેમાં અંતે પતિની સમસ્યા દૂર થાય છે. તે તેના પતીના સુખ-દુઃખમાં સહકાર આપે છે. પોતે ક્યારેક કામ નોતું કર્યું છતાં પણ નાનકડા ઘરમાં વાસણ ગોઠવવાનું કાર્ય પોતે ખુશીથી કરી લે છે. આમ, જરબાઈના સહકાર અને પ્રેમથી જ રતનશાહ પુનઃ મિલકત પ્રાપ્ત કરે છે.

ભાષાશૈલી તરફ નજર કરતાં ઈ.સ. 1857ની (19મી સદીની) ભાષા-બોલીમાં કથા આલેખાયેલી છે. જેમાં આવતાં સંવાદ અને વર્ણનમાં જોવા મળતી ભાષાશૈલી આજે અનુઆધુનિક યુગમાં જાણવી (સમજવી) થોડીક અટપટી લાગે જેમ કે..., જરબાઈ તેના પતીના ચહેરાની ઉદાસી દૂર કરવા કથાનાયકની મદદ લે છે ત્યારથી ભાષાશૈલી..., “મેં ઘણયી આજેજીથી પુછીઉં પણ મહને એક જવાબ મલીઓ નહીં, તેથી તમોને આટલી તજદ્દી આપીચ કે એવણની ઉપર કાઈબી જફા પડીચ તે બાબતે તમો એવણના દોશતદાર છેઓ તે પુછો તો તમારી મહેરબાંનગી થશે.” (પૃ. 10). સર્જકની અહીં વર્ણનશક્તિ પર પકડ ઓછી જોવા મળે છે. છતાં પણ તેમણે જરબાઈનું કરેલું વર્ણન આ મુજબ છે....., “તે બાએડીનું નામ જરબાઈ કરીને હતું, અને સુરતના એક ગરીબ પણ આબરુવાલા ગરહશથની તે દીકરી થાતી હતી. રતનશાહનો પેઆર પોતાની બાએડી ઉપર ઘણા હતો અને બાએડીનો પેઆર તેહેની ઉપર તેથી જેઆદા હતો. તેઓને તાંહાઘણી ઉમેદેથી તરત જ એક દીકરાનું ફરજેદ થાઈતું હતુ એ ઓરતે પોતાના ખાવંદનો ગમગીન ભરેલો ચહેરો ઘણા દાહાડા સુધી તપાશીઓ હતો અને કાંઈબી તેહેની ઉપર આવી પડીઉંચ હેતું દીલમાં શમજતી હતી, અને ઘણીવાર કાલાવાલા કરીને તે બાબે ખોલાશો માગીઓ હતો, પણ રતનજી શાહા કાઈ બોલીઓ નહીં, અને પોતાની વાત જાહેર કીધી નહીં, તેથી તે બીચારી ઘણી નીરાશ થઈ હતી.” (પૃ. 10)

સંવાદ તરફ નજર કરતાં અહીં કથામાં સર્જકે સંવાદ પણ નિરૂપ્યો છે. જેમાં કથાનાયક જ્યારે જરબાઈના કહેવા મુજબ રતનશાહની મનોદશા જાણવા ફરવા જાય છે ત્યારે ઉદાશીની વાત કથાનાયક પુછે છે અને પૂછતાં જ આંખમાં ઝળઝળીયા સાથે કથાનાયક સામે રતનશાહ મનોદશા સુચવે છે ત્યાર પછીનો સંવાદ : મેં પુછીઉં કે, “તમે ઘેરમાં એ વાત કાએ નહીં કીધી ?” રતનશાહ બોલીઓ – “ઘેરમા વાત કહીને હું શું કરૂં – હું મુવેલો બરેલો છેઉ ચાંહા બીજાઓને શું કરવા બારૂ ?”

મેં કહીઉ કે “તો તમારા ઘેરમાં તથા તમારા ખરા દોશતો આગલ એવી વાત કરો તો તમોને દેલાશો મલશે અને તેહનો એલાજ થશે.”

પછી મેં પુછીઉં કે, “તમારી પારો કંપનીના બાડ (સરકારી લોનનાં કાગડીઆ) હતા તે કાહા ગીઆ ?”

જવાબ દીધાં જે “તે તો નવું ઇશટેટ લીધું તેઆરે વેચી નાખીઆ.” (પૃ. 10)

રસ અને સંઘર્ષની બાબતમાં કથા મુખ્ય કરૂણ રસમાં આલેખાયેલી છે જેમાં જરબાઈ અને રતનશાહની મનોદશા કરૂણાત્મક છે. રતનશાહ વિદેશથી હુંડીમાં ત્રણ લાખનો માલ લાવતાં ખોટમાં આવે છે જેમાં તે કોઈને કશું કંઈ નહીં શકતો તેમાં તેનું શરીર (દેહ) શુંકાતું જતું હતુ, તો વળી જરબાઈ પતીના સુકાતા દેહ પાછળનું કારણ જાણવા માંગતી હતી ત્યાં તેનો સંઘર્ષ જોવા મળે છે. રતનશાહ એ ત્રણ લાખની ખોટમાંથી આવવા માંગતા હતા ત્યાં તેનો સંઘર્ષ નિરૂપાયો છે. આમ, બન્નેના મનોદશામાં કરૂણતા અને સંઘર્ષ જોવા મળે છે. જ્યારે રતનશાહે કથાનાયકને સઘળી વાત ઝળઝળી આંખે કરી ત્યારે કથાનાયક પુછે છે કે ઘેર કેમ વાત ન કરી ? તેનો કરૂણ પ્રત્યુત્તર : “ઘેરમાં વાત કહીને હું શું કરૂં – હું મુવેલો બરેલો છેતું તાંહાં બીજાંઓને શઉં કરવા
બારૂ ?” (પૃ. 10).

‘સ્ત્રીબોધ’ સામયિકમાં છપાયેલ આ કથાના લક્ષણો વાર્તાસ્વરૂપને મળતાં આવે છે. કારણ કે..., તેમાં કથાવસ્તુ, પાત્રાલેખન, સંવાદ, વર્ણન, ભાષાશૈલી, રસ અને સંઘર્ષ સર્જકે ‘દાખલો’ કહીને કથામાં નિરૂપ્યા છે. આમ, મિત્રની પત્નીની પ્રસંસા કરતી આ કથા સ્ત્રીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહે છે. ‘સ્ત્રીબોધ’ સામયિકના મુખપૃષ્ઠ પર નેપોલિયન બોનાપાર્ટનું એક વાક્ય છપાતું...., “દેશની હાલત સુધારવાની સરવેથી શરશ રીતે એકે માતાઓ ગનાની થાએ એવું કરવું.” તો 1857થી આજ સુધી સ્ત્રીઓએ કેટલી પ્રગતી કરી છે એ આપણે જોઈ શકીએ છીએ. તેમના માટે યોગ્ય સૂત્ર છે જેમ કે...., ‘નારી તું નારાયણી’ આમ, ‘સ્ત્રીબોધ’ સામયિકની પહેલ આજે કેટલેક અંશે સાર્થક નિવડ્યું છે એમ કહી શકાય. તો એક મનમાં પ્રશ્ન

ઉદ્દભવે કે..... સમાજમાં ખરેખર સ્ત્રીબોધ થયો છે ખરો ? કારણ કે....., 'નારી તું નારાયણી' સિવાય બીજી બાજુ આપણે સુત્ર લખવું પડે છે કે...., 'બેટી બચાવો, બેટી પઢાવો'.

શબ્દાર્થ :

| | | |
|---|---|---|
| તજદ્દી | - | તકલીફ |
| એવણની | - | એમની |
| બાબે | - | બાબતે |
| દોશતદાર | - | દોસ્તાર |
| હેવું | - | એવું |
| ગરહશથની | - | ગૃહસ્થની |
| પેઆર | - | પ્યાર, પ્રેમ |
| ખાવંદનો | - | પતીનો |
| માગીઓ | - | માંગ્યો |
| કાએ | - | કેમ |
| મુવેલો | - | મરેલો (માનસિક રીતે) |
| છેઉ | - | છું |

સંદર્ભગ્રંથ :

1. લેખ : 1857ની ત્રીજી મહત્વની ઘટના : સ્ત્રીબોધ માસિક – દિપક મહેતા ('શબ્દસૃષ્ટિ', જૂન 2019) (વિકિપીડીયામાંથી)
2. 'સ્ત્રીબોધ' – સામાયિક, જાન્યુઆરીથી ડિસેમ્બર – 1857. (પ્રગટ કરનાર સ્ત્રીબોધની સભા) (પુસ્તક 1લું અંક-1)

---

મિતેષકુમાર સી.પરમાર
ગુજરાતી ભાષા - સાહિત્ય કેન્દ્ર
ગુજરાત કેન્દ્રીય વિશ્વવિધાલય
ગાંધીનગર